Digital Copy

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યૂઝપેપર

जननी जन्मभूमिश्च स्वर्गदपि गरियसी

# ગરવી ગુજરાત

Gujarati Weekly Community Newspaper

| Vol. 1 | Issue 45 | 25 April 2026 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujarat2025@gmail.com | CANADA |

# સુરોનું સરગમ: કેનેડામાં સરગમ કરાઓકે ગ્રુપ દ્વારા નવા વર્ષની સંગીતમય ધમાકેદાર શરૂઆત




શ્રી નરેન્દ્ર ભાઈ શાહ ઉર્ફે કિશોર કુમાર



ગરવી ગુજરાત ન્યુઝ પેપરના તંત્રી
શ્રી સુજ્ઞેશ પટેલ



એડમીન શ્રી અમીધર ભટ્ટ



સંગીતાબેન શાહ ઉર્ફે લતા મંગેશકર



નિર્મળાબેન દરજી

## શ્રી અમીધરભાઈ ભટ્ટના સંચાલનમાં સરગમ કરાઓકે ગ્રુપનો શાનદાર પ્રોગ્રામ - ગરવી ગુજરાત ન્યૂઝ પેપરના તંત્રી શ્રી સુજ્ઞેશ પટેલની ઉપસ્થિતિમાં ફનકારોના સુમધુર સુરોથી વાતાવરણ બન્યું સંગીતમય



પિન્કીબેન સોની



પ્રોફેશનલ સિંગર શ્રી દર્શન પટેલ


નીલાબેન ભટ્ટ


શાનદાર ફનકાર શ્રી સુનિલ પટેલ


શ્રી પ્રવીણભાઈ બારોટ




અંજુબેન શાહ


શ્રી કિર્તીભાઈ ભાવસાર


શ્રી મુકેશભાઈ શાહ ઉર્ફે મુકેશકુમાર

# સરગમ કરાઓકે ગ્રુપના કલાકારોની રજૂઆતથી નવા વર્ષની ઉજવણી બની યાદગાર, સુમધુર ગીતોની શ્રેણી સાથે દર્શકોને મળ્યો સંગીતમય આનંદનો અનોખો અનુભવ


કલાકાર શ્રી ઈશ્વરભાઈ પટેલ


રેખાબેન શાહ

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**18 એપ્રિલથી આવતા શનિવાર સુધી**

**મેષ રાશિ | અ, લ, ઈ**

આ સપ્તાહે કાર્યક્ષેત્રમાં નવી તક મળવાની સંભાવના છે અને આત્મવિશ્વાસ વધશે. અધિકારીઓનો સહયોગ મળી શકે છે જેથી અટકેલા કામ આગળ વધશે. આર્થિક બાબતોમાં મધ્યમ લાભ રહેશે પરંતુ ખર્ચ પર નિયંત્રણ જરૂરી રહેશે.

**વૃષભ રાશિ | બ, વ, ઉ**

આ સપ્તાહે આવકના નવા માર્ગ ખુલવાની શક્યતા છે અને વ્યવસાયમાં સારા પરિણામ મળશે. નવા સંપર્કો ભવિષ્યમાં લાભદાયક સાબિત થશે. પરિવારિક જીવનમાં સુખદ વાતાવરણ રહેશે અને સંબંધોમાં મીઠાશ વધશે. પ્રવાસના યોગ બનતા દેખાઈ રહ્યા છે.

**મિથુન રાશિ | ક, છ, ઘ**

કાર્યક્ષેત્રમાં વ્યસ્તતા વધી શકે છે પરંતુ મહેનતનું ફળ મળશે. મિત્રો અને સહકર્મીઓનો સહયોગ તમને આગળ વધવામાં મદદ કરશે. નવી યોજનાઓ પર કામ શરૂ કરવા માટે યોગ્ય સમય છે.

**કર્ક રાશિ | ડ, હ**

આ સપ્તાહે પરિવારિક બાબતોમાં સમજદારીપૂર્વક નિર્ણય લેવો જરૂરી રહેશે. નોકરીમાં સ્થિરતા રહેશે અને અધિકારીઓનો વિશ્વાસ વધશે. વિદ્યાર્થીઓ માટે અભ્યાસમાં પ્રગતિનો સમય છે.

**સિંહ રાશિ | મ, ટ**

આ સપ્તાહે આત્મવિશ્વાસ વધશે અને કાર્યક્ષેત્રમાં પ્રશંસા મળી શકે છે. નવી જવાબદારીઓ તમારા માટે સફળતા લાવી શકે છે. રોકાણ કરતા પહેલા વિચારીને નિર્ણય લેવો જરૂરી રહેશે.

**કન્યા રાશિ | પ, ઠ, ણ**

આવકમાં વધારો થવાની સંભાવના છે અને અટકેલા કામ પૂર્ણ થવાના યોગ છે. કાર્યક્ષેત્રમાં નવી તકોથી લાભ મળશે. પરિવાર સાથે સુખદ સમય પસાર થશે અને સંબંધોમાં મજબૂતી આવશે.

**તુલા રાશિ | ર, ત**

ભાગ્યનો સારો સાથ મળશે અને વ્યવસાયમાં પ્રગતિના સંકેતો છે. મિત્રોની મદદથી મહત્વપૂર્ણ કાર્ય પૂર્ણ થશે. નોકરીમાં પ્રમોશન અથવા પ્રશંસા મળવાની શક્યતા છે. આર્થિક સ્થિતિમાં સુધારો થશે.

**વૃશ્ચિક રાશિ | ન, ય**

કાર્યક્ષેત્રમાં કેટલાક પડકારો આવી શકે પરંતુ તમે સફળતાપૂર્વક તેનો સામનો કરશો. આર્થિક રીતે સ્થિતિ મજબૂત બનશે. પરિવારજનોનો સહયોગ તમને આત્મવિશ્વાસ આપશે.

**ધન રાશિ | ભ, ધ, ફ, ઢ**

આ સપ્તાહે પ્રવાસના યોગ બની શકે છે અને તે લાભદાયક સાબિત થશે. નવા પ્રોજેક્ટમાં સફળતા મળવાની શક્યતા છે. શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ થશે અને નવી તક મળશે. આવકમાં વધારો થવાના સંકેતો છે. સ્વાસ્થ્ય સામાન્ય રહેશે પરંતુ નિયમિતતા જરૂરી રહેશે.

**મકર રાશિ | ખ, જ**

જવાબદારીઓમાં વધારો થશે પરંતુ તમે તેને સફળતાપૂર્વક પૂર્ણ કરશો. નોકરીમાં પ્રગતિ અને સન્માન મળવાની શક્યતા છે. પરિવારનો સહયોગ તમને મજબૂત બનાવશે. રોકાણ માટે સમય અનુકૂળ રહી શકે છે.

**કુંભ રાશિ | ગ, સ, શ, ષ**

નવા વિચારો અને યોજનાઓ સફળતા અપાવશે. મિત્રો અને સહકર્મીઓનો સહયોગ મળશે. વેપાર ક્ષેત્રે સારા પરિણામ જોવા મળશે. સ્વાસ્થ્યમાં સુધારો અનુભવાશે. ઉત્સાહ અને આત્મવિશ્વાસમાં વધારો થશે.

**મીન રાશિ | દ, ચ, ઝ, થ**

આધ્યાત્મિક પ્રવૃત્તિઓ તરફ ઝુકાવ વધશે અને મનને શાંતિ મળશે. કાર્યક્ષેત્રમાં પ્રગતિના સારા સંકેતો મળશે. પરિવાર સાથે આનંદદાયક સમય પસાર થશે. ખર્ચ વધવાની શક્યતા હોવાથી આયોજન જરૂરી રહેશે. નવી તકોથી ભવિષ્ય માટે લાભ મળશે.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054**
**વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

**તંત્રી લેખ**

# વસંતની મીઠી હવામાં તહેવારોની મહેક - આનંદ અને ઉજવણીનો માહોલ



એપ્રિલ મહિનાના અંતિમ દિવસોમાં, ખાસ કરીને ,વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક તહેવારોની ઉજવણી સાથે સમગ્ર સમાજમાં આનંદ અને ઉત્સાહનો માહોલ સર્જાયો છે. વસંતઋતુના આગમન સાથે કેનેડાના વાતાવરણમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળી રહ્યો છે, જેના કારણે લોકોમાં નવી ઉર્જા અને તાજગીનો અનુભવ થઈ રહ્યો છે.



ઠંડીથી મુક્તિ મળતા જ લોકો હવે બહાર નીકળવા, મિત્રો-સગાંઓ સાથે મળવા અને વિવિધ સામાજિક કાર્યક્રમોમાં ભાગ લેવા વધુ ઉત્સાહિત બન્યા છે. મંદિરોમાં ધાર્મિક કાર્યક્રમો, સમૂહ ભક્તિ, સત્સંગ તેમજ તહેવારોની ઉજવણીમાં ભારે ભાગીદારી જોવા મળી રહી છે. સાથે સાથે મીટીંગો, પરિવારિક મેળાવડા, પિકનિક, પ્રવાસ અને સામાજિક પાર્ટીઓમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. આ સમયગાળામાં લોકોમાં નવા વર્ષ જેવો ઉમંગ અને આનંદ જોવા મળી રહ્યો છે. દરેક ચહેરા પર ખુશી, નવા પ્રારંભની આશા અને જીવનને વધુ રંગીન બનાવવાનો ઉત્સાહ સ્પષ્ટપણે ઝળકતો દેખાય છે. લાંબા શિયાળાના અંત બાદ મળેલી આ મોસમ લોકોને જીવનનો સાચો આનંદ માણવાનો અવસર આપી રહી છે. આવા પ્રસંગોએ સમાજને એકતા, પ્રેમ અને સહકારનો સંદેશ આપવાનો ઉત્તમ અવસર મળે છે. પરિવારો અને મિત્રોમાં વધતી નજીકતા તેમજ સમાજમાં સકારાત્મકતા આ સમયની ખાસિયત બની રહી છે. આમ, તહેવારોની રોનક અને સુહાવના વાતાવરણના સંયોગે સમગ્ર સમાજમાં આનંદ, ઉત્સાહ અને નવી આશાઓનો માહોલ સર્જાયો છે, જે ખરેખર નવા વર્ષ જેવી તાજગી અને ખુશીઓનો અનુભવ કરાવે છે. ગરવી ગુજરાત ન્યુઝ પેપર ની ટીમ અને તંત્રી શ્રી સુજ્ઞેશ પટેલ સૌ વાચકોને આનંદમય વાતાવરણ ની શુભેચ્છાઓ પાઠવે છે.

**સુજ્ઞેશ પટેલ**
(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ન્યુઝ પેપર) 4379670062


એની કરતાં હે ઈશ્વર દે મરવાનું,
હવે ગુજરાતીનું પણ ગુજરાતી કરવાનું.
- હરદ્વાર ગોસ્વામી
સંકલન ડો પ્રકાશભાઈ ઠક્કર
કાલોલ ગુજરાત

તમારી ખુશીઓમાં એ હજાર લોકો હોય છે
જે તમને ગમે છે, પણ તમારા દુઃખમા
એ જ હોય છે જેને તમે ગમો છો...
શ્રી રાજેશભાઈ વાળંદ
પ્રગતિ પથ ન્યૂઝ પેપર આણંદ ગુજરાત

**કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો**

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.


I AM DIFFERENT !!
@realtorravipatel
Looking for the Right Real Estate Expert?
Ravi Patel
REALTOR
Let's Find Your Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME
REALTY BROKERAGE


MORTAGE
EXPERT
UNLOCK YOUR DREAM HOME WITH
EXPERT MORTGAGE GUIDANCE
Residential mortgage
Commercial mortgage
Refinancing, Home equity loans
Business Line of Credits
Business Loans (CSBFL)
Equipment Leasing and Financing
CMHC Multi Unit Program
Abhay joshi
Mortgage Broker
MORTGAGE
AFFINITY
MORTGAGE
SOLUTIONS INC
INDEPENDENTLY OWNED AND OPERATED
FSRA LIC # 13093
CELL : (647) 409-5848
Lic #M22003707


THE CANADIAN
HOME
Residential ✓
Commercial ✓
Industrial ✓
Turning Realty
Dreams to Reality
Vatsal Makes it
Happen!
GTA, Hamilton & Beyond
VATSAL DESAI
REALTOR®
+1 (416) 456 4448
RealtorVatsalDesai@Gmail.com
www.vatsaldesairealtor.com
BUY | SELL | LEASE | INVEST

# વિસરાતી જતી બાળપણની રમતો અને સંસ્કૃતિ





લેખક
ઘનશ્યામ પટેલ (ખુશ)
કેલગરી, કેનેડા

ગુજરાતી ભાષાનો વૈભવ, સંસ્કૃતિ અને બાળપણની રમતો આજે આધુનિક ટેકનોલોજીના યુગમાં લુપ્ત થઈ રહી છે અને મોબાઈલ ગેમે તેમજ વિડીયો ગેમે તેનું સ્થાન લીધું છે. બાળપણમાં રમાતી રમતો માત્ર મનોરંજન પૂરતી જ નથી પણ તેનાથી શારીરિક ,માનસિક અને સામાજિક વિકાસ થતો હતો. વિસરાતી જતી રમતો નીચે મુજબ છે.

### મારદડી

નરમ દડા ( સોફ્ટ બોલ ) વડે રમાતી આ રમતમાં સામે ખેલાડીને દડો મારી આઉટ કરવામાં આવતો. આ રમતથી નિશાન તાકવાની સાથે એકાગ્રતા વધતી અને ખૂબ જ આનંદ આવતો.

### ગિલ્લીદંડા

લાકડા માંથી બનેલી ગિલ્લી અને દંડા વડે રમાતી આ રમત. આજે પણ મને યાદ આવે છે મારા ગામનો એ ચોતરો જ્યાં અમે બધા બાળપણમાં આ લોકપ્રિય રમત રમતા. આ રમત અમે ખૂબ રમ્યા છીએ અને આનંદ કર્યો છે. ગિલ્લી વડે દંડાને તાકવાથી એકાગ્રતા વધે છે. દંડા થી ગીલ્લીને ફટકારવાથી શારીરિક તાકાત નું પ્રદર્શન જોવા મળે છે.

### સતોડિયું

સાત પથ્થર અથવા સાત લાકડાના ગોળ ટુકડાને એકબીજા પર ગોઠવવામાં આવે છે અને એક પક્ષનો ખેલાડી દડા વડે તેને તાકી જમીન પર પાડે છે. સામે પક્ષે રહેલા ખેલાડી પડી ગયેલા આ પથ્થરોને અથવા લાકડાના ટુકડાઓને એક પર એક ગોઠવવાનો પ્રયાસ કરે છે. બીજી ટીમના ખેલાડી દડા વડે સામેના ખેલાડીને મારવાનો પ્રયત્ન કરે છે અને આઉટ કરે છે. આ રમતમાં પણ ખૂબ મજા આવતી. *ભમરડો -- લાકડાના ભમરડાને દોરીથી ફેરવવામાં આવે છે. ખૂબ ઝડપથી ગોળ ગોળ ફરે છે. કેટલાક બાળકો હાથ પર પણ કુશળતાથી ભમરડો ફેરવતા હતા. આ પણ એક અદભુત કળા છે.

### પકડદાવ

એકબીજાને પકડવાની આ રમતમાં શારીરિક કૌશલ્ય નો વિકાસ થાય છે. મોટાઓને પણ આ રમતમાં ખૂબ મજા આવેછે. આંધળા નો ગોળીબાર / આંખ મિચૌલી -- આંખે પાટા બાંધી સામે મૂકેલી વસ્તુ પર લાકડીથી પ્રહાર કરાતો. ઘણીવાર વિપરીત દિશા પર પણ ખેલાડી જતો રહે. ખૂબ હાસ્ય અને રમૂજ થાય.

### લંગડી

એક પગ વડે કૂદીને બીજા ખેલાડીને પકડવાની,આઉટ કરવાની આ રમત થી શારીરિક ક્ષમતામાં વધારો થાય છે. શાળામાં આ રમત ખૂબ રમાતી.

### આમલી પીપળી

દાવ આપનાર પકડે નહીં તે માટે ઝાડ પર ચડી જવું. મને યાદ છે મારા એ બાળપણના દિવસો. મારા મિત્ર છગન પટેલના ઘરની બાજુમાં ખુલ્લી જગ્યામાં કણજનું ઝાડ હતું, ત્યાં અમે બધા મિત્રો આમલી પીપળી ની રમત રમતા અને આનંદ કરતા.

### ઘોડીપાટ

ચોરસ ખાનામાં ઊભા રહી બીજા ખાનામાં જવા પ્રયત્ન કરવો. સામેનો ખેલાડી તમે બીજા ખાનામાં જઈ ન શકો તે માટે તમને પકડવા પ્રયત્ન કરતો.

### લખોટી

કાચની લખોટીની આ રમતમાં લખોટી વડે બીજા ખેલાડીઓની લખોટીઓને તાકવાની. નિશાન બરાબર લાગે ,લખોટી થી તકાય તો જેટલી લખોટી ને તાકી હોય તે બધી લખોટી તાકનારને મળે. બાળપણમાં મને યાદ છે ઘણી બધી લખોટીઓ આ રીતે મેં જીતીને ભેગી કરેલી અને જે નવી લખોટીઓ તેમાં હોય તેને દુકાનદારને આપી રોકડી કરી હતી. આ રમત નિશાનબાજી શીખવે છે, એકાગ્રતા વધે છે.

### સાપસીડી અને લ્યુડો

પાસા વડે રમાતી સરસ મજાની આ રમતમાં ખૂબ આનંદ આવતો. છેક ઉપર પહોંચ્યા પછી પણ સાપ આવે ત્યારે નીચે આવવું પડતું. ફરીથી રમત શરૂ કરવાની. જીવનમાં પણ નિરાશા મળે ત્યારે હતાશ થયા વિના નવી શરૂઆત કરવાનું આ રમત શીખવેછે. ચોપાટ -- મગજ કસવાની વ્યૂહાત્મક રમત છે.

### દોરડા કૂદ

બહેનો માટે દોરડા કૂદવાની રમત સ્વાસ્થ્ય માટે ખૂબ જ લાભદાયી છે.

### પગથિયા

જમીન પર ચોરસ ખાના દોરવામાં આવે છે. કૂદીને જે તે પગથિયા પર પહોંચવાનું હોય છે.

### લીંબુ ચમચી

બહેનોમાં આ રમત ખૂબ લોકપ્રિય છે.

### દોરડાખેંચ / રસ્સીખેંચ

આ રમતમાં દોરડાના બે છેડા પર બંને ટીમના ખેલાડીઓ હોય છે. તેઓ તાકાતથી દોરડું પોતાની તરફ ખેંચવા પ્રયત્ન કરે છે. ઘણી વખત સામે વધુ તાકાત લગાવતા કે દોરડું હાથમાંથી છટકી જતા ખેલાડીઓ પડી પણ જાય છે. આ રમતમાં શક્તિનું પ્રદર્શન થાય છે.

### વિસરાઈ જતો સાંસ્કૃતિક વારસો લોકપ્રિય ભવાઈ

ભવાઈ 700 વર્ષ જૂનું પરંપરાગત લોકપ્રિય નાટક છે. શૈક્ષણિક ,સામાજિક અને સાંસ્કૃતિક રીતે તેનું ખૂબ મહત્વ છે. રાત્રિના સમયે યોજાય છે. પુરુષ મહિલાનો વેશ પરિધાન કરી મનોરંજન કરાવે છે. બાળપણમાં મેં પણ ભવાઈ નાટકો જોયા છે અને આનંદ માણ્યો છે. ભવાઈ દ્વારા સમાજમાં પ્રવર્તતા કુરીવાજો, દહેજપ્રથા, બાળલગ્ન વિષે સામાજિક જાગૃતિ ફેલાવવા પ્રયત્ન થાય છે. ગ્રામ્યપ્રજા નું સસ્તું અને સારું મનોરંજન છે. ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિ રજૂ કરેછે. ભવાઈ સમાજની વાસ્તવિક જીવનની ઝાંખી કરાવેછે. ભવાઈમાં આવતા રંગલો અને રંગલી સૌને હાસ્ય સાથે ખૂબ સારું મનોરંજન પૂરું પાડે છે. ભવાઈમાં મા અંબાની પ્રાર્થના થાય છે એટલે પ્રજામાં ધર્મભાવના અને ભક્તિભાવ પણ જગાડે છે.

### રંગભૂમિના નાટકો

વિવિધ પ્રકારના નાટકો રંગભૂમિના કલાકારો દ્વારા ભજવી લોકસંસ્કૃતિ અને સામાજિક જાગૃતિને ઉજાગર કરવામાં આવેછે. મેં પણ ઘણા નાટકો જોયા છે અને શાળામાં તૈમુરનું પાત્ર અને યુવાન વયે મુખી નું પાત્ર નાટકમાં ભજવ્યું છે. આજે પણ ઘણી જગ્યાએ ઉત્તમ પ્રકારના નાટકો / શેરી નાટકો ભજવાય છે અને જનતા તેને ઉત્સાહભેર જોવા જાય છે.

**અંતમાં આજના આધુનિક યુગમાં જ્યારે મોબાઈલ, ટીવી નો વધુ પડતો ઉપયોગ થાય છે. મોબાઈલ ગેમ અને વિડીયોગેમ ના બાળકો બંધાણી થયા છે ત્યારે નવી પેઢીને મેદાનના અભાવે વિસરાઈ જતી જૂની લોકપ્રિય રમતો અને લોકસંસ્કૃતિના વારસાને જીવંત રાખવા તેમજ ભવાઈ નાટકો તેમજ ગુજરાતનો ગૌરવભર્યા વારસો વિસરાઈ ન જાય તેનો ખ્યાલ રાખી તેનું સંવર્ધન કરવા પ્રયત્નો કરવા જરૂરી છે.**

# તાજેતરના એક્સપ્રેસ એન્ટ્રી ડ્રોમાં CEC કટ-ઓફ સ્કોર નવા ઉચ્ચ સ્તરે પહોંચ્યો.



સંકલન
શ્રી નયનભાઈ બ્રહ્મભટ્ટ
એ એન બી ઈમિગ્રેશન
ANB Immigration Services,
Toronto - Canada -
905 230 4737
info@anbimmigration.com




ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) એ એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમ દ્વારા અરજી (ITA) કરવા માટે વધુ આમંત્રણો જારી કર્યા છે, કારણ કે 2026 માં CEC ઉમેદવારો માટે કટ-ઓફ સ્કોર નવા ઉચ્ચ સ્તરે પહોંચ્યો છે.

ઈમિગ્રેશન વિભાગે આજના ડ્રોમાં કેનેડિયન એક્સપિરિયન્સ ક્લાસ (CEC) ઉમેદવારોને 2,000 ITA જારી કર્યા હતા.


આ ડ્રોમાં વિચારણા કરવા માટે, ઉમેદવારો પાસે આ હોવું જરૂરી હતું:

લઘુત્તમ કોમ્પ્રીહેન્સિવ રેન્કિંગ સિસ્ટમ (CRS) સ્કોર 515; અને 10 જૂન, 2025 ના રોજ સવારે 2:46 વાગ્યે, યુનિવર્સલ કોઓર્ડિનેટેડ ટાઈમ (UTC) પહેલાં એક્સપ્રેસ એન્ટ્રી ઉમેદવાર પ્રોફાઈલ બનાવવી.

આજનો ડ્રો CEC પ્રોગ્રામ હેઠળ સાતમો અને 2026 નો બાવીસમો એક્સપ્રેસ એન્ટ્રી પસંદગી છે. તે વર્ષનો સૌથી નાનો CEC ડ્રો પણ છે, જે 31 માર્ચના ડ્રો પહેલા હતો, જેણે 2,250 ITA જારી કર્યા હતા.

આ ડ્રોમાં CEC ઉમેદવારો માટે CRS કટ-ઓફમાં પણ છ પોઈન્ટનો વધારો જોવા મળ્યો - જે આ વર્ષે જોવા મળેલા ડ્રો વચ્ચે CRS કટ-ઓફમાં સૌથી મોટો વધારો છે. 2026 માં એક્સપ્રેસ એન્ટ્રી ડ્રોમાં કેનેડાના ઈમિગ્રેશન વિભાગે મોટાભાગે દેશની અંદરના ઈમિગ્રેશન ઉમેદવારો પર ધ્યાન કેન્દ્રિત કર્યું, ખાસ કરીને પ્રાંતીય નોમિનેશન અને કેનેડિયન કાર્ય અનુભવ ધરાવતા ઉમેદવારો પર.




HOMELIFE
HIGHER STANDARDS
TEAMKAPOOR
Own your Comfort Home
Himanshu Kakkad
himanshukakkad@gmail.com
+1(437)237-9999

# પરિશ્રમનું ફળ અને વસ્તુનું સાચું મૂલ્ય



લેખક
પરેશભાઈ શાહ
વડોદરા

જીવનમાં કોઈપણ વસ્તુની સાચી કિંમત તેના ટેગ પર લખેલી રકમથી નહીં, પરંતુ તેને મેળવવા માટે આપણે કેટલો પરસેવો પાડ્યો છે તેનાથી નક્કી થાય છે. આજે જ્યારે 'ઈન્સ્ટન્ટ' યુગ ચાલી રહ્યો છે, ત્યારે યુવાનોમાં ઘણીવાર ધીરજની કમી જોવા મળે છે. વડીલોની કમાણી પર મળેલી સુખ-સુવિધાઓ શરૂઆતમાં આનંદ આપે છે, પણ તે વસ્તુ પ્રત્યેનો આદર લાંબો સમય ટકતો નથી. સંસ્કૃતમાં સાચું જ કહેવાયું છે કે **"वस्तुनः मूल्यं तदा एव ज्ञायते यदा कश्चित् तत् प्राप्तुं संघर्षं कृतवान्"** એટલે કે, જ્યારે વ્યક્તિ પોતે સંઘર્ષ કરીને કંઈક પ્રાપ્ત કરે છે, ત્યારે જ તેને તેની સાચી કિંમત સમજાય છે. જે વસ્તુ મફતમાં અથવા નસીબજોગે મળી જાય છે, તેને ગુમાવવાનો ડર હોતો નથી, પરંતુ જે વસ્તુ રાત-




દિવસના ઉજાગરા અને મહેનતથી મેળવી હોય, તેને આપણે જીવની જેમ સાચવીએ છીએ.

આ વાતને એક સાદા ઉદાહરણથી સમજીએ. ધારો કે એક યુવાનને તેના પિતા જન્મદિવસ પર મોંઘો સ્માર્ટફોન ભેટમાં આપે છે. જો તે ફોન અકસ્માતે પડી જાય કે ખોવાઈ જાય, તો તે યુવાનને દુઃખ તો થશે, પણ કદાચ તેટલી પીડા નહીં થાય કારણ કે તેને ખબર છે કે પિતા બીજો અપાવી દેશે. પરંતુ, એ જ યુવાન જો વેકેશનમાં પાર્ટ-ટાઈમ નોકરી કરીને, એક-એક રૂપિયો બચાવીને, પોતાની મહેનતની કમાણીથી એ જ ફોન ખરીદે, તો તે તેની કાળજી અલગ રીતે રાખશે. તે ફોનને સાચવવા માટે કવર લગાવશે, તેને ગમે ત્યાં નહીં મૂકે અને તેનો સદુપયોગ કરશે. આ તફાવત પૈસાનો નથી, પણ સંઘર્ષના જોડાણ' નો છે. સંઘર્ષ એ માત્ર મુસીબત નથી, પણ વસ્તુ અને જીવનના મૂલ્યો સમજવાની એક પાઠશાળા છે. જ્યારે તમે જાતે સંઘર્ષ કરીને સફળતા કે કોઈ સુવિધા મેળવો છો, ત્યારે તમારો આત્મવિશ્વાસ વધે છે. યુવાનોએ સમજવું જોઈએ કે વારસામાં મળેલી સફળતા માત્ર ઓળખ આપે છે, પણ પોતે સંઘર્ષ કરીને મેળવેલી સફળતા સન્માન અપાવે છે. તેથી જ, જીવનમાં ટૂંકા રસ્તાઓ શોધવાને બદલે મહેનતના માર્ગે ચાલીને મેળવેલી નાની વસ્તુ પણ અણમોલ લાગે છે.



# કેમ્બ્રિજમાં ચટપટી મજા - ગુજરાતીઓનું મનપસંદ "પાણીપુરી" હવે નવી ઓળખ સાથે

**કેનેડામાં ગુજરાતીઓની વધતી વસતી સાથે પોતાના સ્વાદ અને સંસ્કૃતિને જીવંત રાખવાની અનોખી લાગણી આજે એક નવી ઓળખ બનાવી રહી છે. આ જ લાગણીને સાકાર આપતા યુવા કપલ નિધિ અને જય પટેલ દ્વારા કેમ્બ્રિજ શહેરમાં શરૂ કરાઈ છે ચટપટી અને સ્વાદિષ્ટ પાણીપુરીની લારી – જે બની રહી છે ફૂડ લવર્સ માટે હોટસ્પોટ!**

ભારતીય સ્ટ્રીટ ફૂડની રાણી ગણાતી પાણીપુરી હવે કેમ્બ્રિજમાં તાજગીભર્યા સ્વાદ સાથે ઉપલબ્ધ છે. ખટ્ટા-મીઠા પાણી, મસાલેદાર પુરણ અને કરકરી પુરીનો મજેદાર સંગમ અહીં દરેક ગ્રાહકને દેશની યાદ અપાવી દે છે.

નિધિ અને જય પટેલનો મુખ્ય ઉદ્દેશ માત્ર ફૂડ સર્વ કરવાનો નથી, પરંતુ દરેકને "હોમલાઈક ટેસ્ટ" આપવાનો છે. સ્વચ્છતા, ગુણવત્તા અને ટેસ્ટનો ખાસ ધ્યાન રાખીને તેઓ દરેક પ્લેટમાં પ્રેમ અને મહેનત પીરસે છે.

## શા માટે ખાસ છે આ પાણીપુરી?

- તાજા અને હાઈજેનિક સામગ્રી
- ઓરિજિનલ ઈન્ડિયન ટેસ્ટ
- ગ્રાહકની પસંદ મુજબ વિવિધ ફ્લેવર્સ
- ફ્રેન્ડલી સર્વિસ
- ગરમાગરમ આવકાર

ગુજરાતી સમુદાય માટે તો આ સ્થળ એક મળવાનું કેન્દ્ર બની રહ્યું છે, જ્યાં સ્વાદ સાથે સંવાદનો પણ આનંદ મળે છે.

જો તમે કેમ્બ્રિજમાં હો અને કંઈક મજેદાર, ચટપટું અને દિલ ખુશ કરી દે એવું ખાવાનું મન હોય - તો નિધિ અને જય પટેલની પાણીપુરી લારી જરૂરથી મુલાકાત લો!

**"એકવાર ચાખશો, તો ફરી ફરી આવશો!"**






# PARIN SHAH

INSURANCE & INVESTMENT ADVISOR

647-673-3344 parinmshah@gmail.com



## EXPLORE PART-TIME OPPORTUNITIES

**Insurance and Investment**

### Benefits:

- We'll reimburse initial expenses and fees for serious candidates
- Part-time opportunity with flexible hours
- Coaching and Training throughout the journey
- A Comprehensive understanding of Investments and Insurance: The Mechanics of Money Management
- Effectively manage your personal finances
- Commission-based earning opportunity

Call Me | Schedule an appointment | Mortgage Solution | Auto & Home Insurance


For the past decade, we have provided a wide range of financial products to support clients' peace of mind and well-being. Our services include:

- **Life Insurance** for loved ones' security
- **Travel, Visitor, and Super Visa Insurance** for journey protection
- **Health, Dental, and Vision Insurance** for medical needs
- **Disability Insurance** for unforeseen circumstances
- **Financial Need Analysis** for effective planning
- **Debt Consolidation** to manage financial burdens
- **Investment** options like **RRSP, TFSA, FHSA, and RESP** for future savings

# મોરબીના નારણકા ગામે મેરજા પરિવારના કુળદેવી શ્રીબહુચરાજી માતાજીના ભવ્ય મંદિરના શીલા સ્થાપનનો થયો શુભારંભ








મોરબી જીલ્લાના નારણકા ગામે સમસ્ત મેરજા પરિવારના આસ્થા કેન્દ્ર એવા કુળદેવી રાજેશ્વરી ભગવતી માં બહુચરાજી માતાજીના નૂતન, દિવ્ય અને ભવ્ય મંદિરના નિર્માણ કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે. બહુચરધામ તરીકે પ્રખ્યાત આ નૂતન મંદિરના ભુમીપુજનનું શુભ કાર્ય કેનેડાથી ઉપસ્થિત રહેલા શ્રીહસમુખભાઈ મેરજા અને હર્ષાબેન મેરજાના યજમાન પદે તા.૨૩ માર્ચના થયા બાદ હવે આ પવિત્ર કાર્ય અંતર્ગત મંદિરના પ્રથમ શિલાસ્થાપન વિધિનો શુભઆરંભ આગામી તા.૨૪ એપ્રિલને શુક્રવારના રોજ સવારે ૮ વાગ્યાથી કરવામાં આવશે. આ શુભ પ્રસંગે પ્રસિદ્ધ ભાગવત કથાકાર, જ્યોતિષજ્ઞ અને યજ્ઞાચાર્ય શાસ્ત્રી શ્રી રાજેશભાઈ યાજ્ઞિક ગણેશપૂજા, પંચાંગપૂજા, સ્નપનવિધિ, શિલાસ્થાપન,યજ્ઞ અને આરતી કરાવશે. કુલ ૯ મુખ્ય યજમાનશ્રીઓના વરદ હસ્તે શીલાસ્થાપન વિધિ સંપન્ન થશે. અત્રે ઉલ્લેખનીય છે કે માં ભગવતી શ્રીબહુચરાજીના અમોઘ આશીર્વાદ અને કૃપાના ફળ સ્વરૂપે બગથળા, નારણકા, ચમનપર, હડમતીયા, થોરાળા ગામમાં વસતા મેરજા પરિવારના કુટુંબોએ પ્રગતિની હરણફાળ ભરી છે અને મેરજા પરિવારે IAS, MLA's, Ministers, Dy. Commandant in BSF Army, Doctors, Surgeons, OncoSurgeons, Orthopedic Surgeons, Anaesthesiologists, Dermatologists, MBAs (IIM), Specialists, Industrialists, Scientists, Journalists, શિક્ષણવિશારદો સમાજને પ્રદાન કર્યા છે. આવી અસીમ કૃપાની ફલશ્રુતિ રૂપે મંદિરના ગર્ભગૃહના પાયાને સોના, ચાંદી જેવી અમૂલ્ય ધાતુથી પ્રસ્થાપિત કરવામાં આવશે. આ પવિત્ર દિવસે શિલાસ્થાપન વિધિ ઉપરાંત વિવિધ ધાર્મિક કાર્યક્રમ, આનંદના ગરબા, મહાપ્રસાદ વગેરે નું આયોજન કરેલ છે. આ અમૂલ્ય ધાર્મિક અવસરને વધાવવા, ભવ્ય મંદિરના નિર્માણના પાયાના સાક્ષી બનવાનો અનેરો લ્હાવો લેવા અને માતાજીના આશીર્વાદ પામવા બગથળા, હડમતીયા, થોરાળા, ચમનપર, માનસર, મહેન્દ્રનગર, સુરેન્દ્રનગર, મહેન્દ્રગઢ, ફગશીયા ગામના મેરજા પરિવારના કુટુંબીજનો થનગની રહ્યા છે.



# નક્ષત્રો અને વાર પ્રમાણે ભવિષ્ય કથન

જ્યોતિષ- આચાર્ય શ્રી સુરેશભાઇ ગાંધી- કેનેડા






(૨૪). શતભિષા - પરદેશ રહેનાર, કંજૂસ, ધાર્મિક, પરસ્ત્રી સેવક, મિષ્ટવક્તા, પુત્રવાન, નિડર, સ્ત્રી જાતક પાપા કર્મ કરનારી, ચિંતાથી ઘેરાયેલી, પરોપકારી થાય છે.

(૨૫). પૂર્વા ભાદ્રપદા - સ્ત્રી જાતક પાપકર્મ કરનારી, અન્ય સામગ્રીનું પણ સેવન કરનાર, માયાવી, હદય વક્તા થાય છે. પુરુષ જાતક વિદ્વાન, ૨-સ્ત્રી વશ, ધૃતિ, ધાર્મિક, સંશોધક, કઠોર, ગૌરવશાળી, શત્રુજયી, પુત્રવાન, સત્યવક્તા હોય છે.

(૨૬). ઉત્તર ભાદ્રપદા - સ્ત્રી જાતક બુદ્ધિશાળી, ધર્મશક્તિ સંગ્રહણી, શીલવ્રત હોય છે. પુરુષ જાતક દેખાવડો, વાચાળ, પરોપકારી, અધિક સંતાન સુખ પામનાર, જિતેન્દ્રિય, તીક્ષ્ણ બુદ્ધિવાળો થાય છે.

(૨૭). રેવતી - આનંદ મજાક મનાવનાર, સન્માર્ગે દ્રવ્ય ઉપાર્જન કરનાર, બુદ્ધિશાળી, વિદ્વાન, શૂરવીર, નિર્મળ હદયી, બહોળું મિત્રવર્તુળ ધરાવનાર, સત્કમી, લોકપ્રિય હોય છે. સ્ત્રી જાતક શ્વસુર-સાસુની ભક્તિ સેવા કરનાર, શાસ્ત્રાજ્ઞામાં શ્રદ્ધા રાખનાર, વ્યવહાર કુશળ હોય છે.

**વાર પ્રમાણે ભવિષ્ય કથન**

રવિવારે - જન્મેલા જાતકો પ્રભવશાળી, શક્તિશાળી, ચતુર, શ્યામવર્ણ, સ્થિર બુદ્ધિ ધરાવનાર હોય છે. પિત્ત પ્રકૃતિ હોય છે. સ્ત્રીઓ તીક્ષ્ણ સ્વભાવની હોય છે. સુંદર, કાંતિયુક્ત, વ્યક્તિત્વ ધરાવનાર ભક્તિપ્રિય હોય છે.

સોમવારે - જન્મનાર શ્વલ્પ પ્રકૃતિ, શ્રેષ્ઠ બુદ્ધિધન ધરાવનાર, ગૌરવર્ણ ઓછી ઉંચાઇ, ગોળ છાતીવાળો હોય છે. આ વારે જન્મનાર કન્યા દયાળુ, સુંદર, હસમુખી, અલંકારો થી શોભતી, ક્રીડામાં રૂચિ રાખનાર હોય છે.

મંગળવારે - જન્મનાર લાલ રંગના નેત્રોવાળા, ઉદાર, દયાવાન, મધુરભાષી, શૂરવીર હોય છે. કન્યા કદર વગરની, કોઈ રાજસિક વસ્તુ ધારણ કરનારા હોય છે.

બુધવારે - જન્મનારી કન્યા સુંદર, મધુરભાષી, ધર્મ કાર્યમાં રસ ધરાવનાર, સૌભાગ્યશાળી બને છે. પુરુષ અતિ ચતુર, કાર્ય, રૂપવાન, ચંચળવૃત્તિ ધરાવનાર વિદ્વાન હોય છે.

ગુરુવારે - જન્મનાર ઉત્તમ વ્યક્તિત્વ ધરાવનાર, વિદ્યાવાન, બુદ્ધિશાળી, સમાજપ્રિય, કલાકાર, કૌશલ્ય ધરાવનાર, અને ધૈર્યવાન બને છે. કન્યા સુશીલ, ધનધાન્યનું સુખ સહેલાઈથી પામનાર, દેવી-દેવોમાં શ્રદ્ધા રાખનાર, બ્રાહ્મણનું પૂજન કરનાર.

શુક્રવારે - જન્મનાર રહસ્યમય, અગમ્ય વિદ્યામાં રસ ધરાવનાર, બુદ્ધિશાળી, પંડિત, સમાજ માન્ય કલાકાર, પવિત્ર મનનો હોય છે. કન્યા જાતક સદાચારી, પુત્ર-પુત્રીયુક્ત, સુંદર વસ્ત્રા પરિધાનમાં રૂચી વાળી, ધનનું સુખ પામનાર થાય છે.

શનિવારે - જન્મનાર ક્રોધી, સ્વભાવના, મિલન-ચરિત્રવાળી, દૂબળા, ભયંકર બનશે. કન્યા કુત્સિત લક્ષણવાળી, ટીકાખોર, મલિન વસ્ત્રો ધારણ કરનાર, સામાન્ય બુદ્ધિ ધરાવનાર, અલ્પ પુત્રોવાળી અને નિર્દયી હોય છે.

ખાસ નોંધ - વાર સાત છે. જેમાં કોઈપણ કાર્ય માટે સામાન્ય રીતે સોમ, બુધ, ગુરુ અને શુક્ર શુભ ગણાય છે. રવિ, મંગળ, અને શનિ શુભ કાર્ય માટે લેવાતા નથી. સૂર્ય ચંદ્રની આકાશી ગતિના આધારે ભિન્ન તિથિ થાય ત્યારે અમાસ અંત આવે છે. સૂર્ય કરતા ચંદ્રની ગતિ ઝડપી હોવાથી પ્રતિપદાના પ્રારંભે બાર અંશનું અંતર પડે તે તિથિ છે.

તિથિ - ચંદ્રની એક કળાને તિથિ કહેવાય છે. શુક્લ પક્ષની એકમ થી પૂનમ સુધી પંદર અને વદ પક્ષની પંદર મળી ત્રીસ તિથિઓનો એક માસ થાય છે. પૂર્ણિમા માટે ૧૫ અને અમાસ ૩૦ના આંકથી પણ લખાય છે. સામાન્ય રીતે શુક્લ પક્ષની ૨, ૩, ૫, ૭, ૧૦, અને ૧૧ તિથિઓ શુભ કાર્ય માટે ઈષ્ટ ગણાય છે. ૪, ૯, ૧૪ તિથિઓ વર્જ્ય ગણવામાં આવી છે.



# 35+ years of Experience in Insurance Industry

★★★★★

Secure Your Tomorrow by Choosing Smart Insurance Options with Rajendra



RAJENDRA PARMAR
FINANCIAL ASSOCIATE

## Key Offerings

- Life Insurance
- Super Visa Insurance
- Visitor Visa Insurance
- Critical illness Insurance
- Disability Insurance
- Dental & Health Insurance
- Group Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Segregated Funds & Investment
- Wills & Retirement Planning
- Financial Literacy for Companies
- Mortgages & Budget Planning

FREE INSURANCE QUOTE

** અમે ગુજરાતી બોલીએ છીએ **

RAJENDRA PARMAR

Phone Number:
CANADA : 226-552-9547
INDIA OFFICE :+919879579547
Email :
rajugeeta67@gmail.com








# મેફિલ્ડ વિલેજ સિનિયર્સ ગ્રુપનો યાદગાર કાર્યક્રમ ભવ્ય રીતે યોજાયો













બ્રેમ્પ્ટન ખાતે મેફિલ્ડ વિલેજ સિનિયર્સ ગ્રુપ દ્વારા તા. 18 એપ્રિલ, 2026ના રોજ લોફર્સ લેક રિક્રિએશન હોલમાં એક સુંદર અને સફળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ 135 જેટલા સભ્યો અને મહેમાનો ઉપસ્થિત રહી કાર્યક્રમને ભવ્યતા બક્ષી હતી.

કાર્યક્રમમાં વિશિષ્ટ મહેમાન તરીકે પધારેલા સૌ મહેમાનોનું ગ્રુપના પ્રમુખશ્રી રણજીતભાઈ પટેલ દ્વારા હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. બ્રેમ્પ્ટન-કેલેડોન નોર્થ વિસ્તારના પી.સી. પાર્ટીના પ્રતિનિધિ સરબજીત સ્રા તેમજ ચિંગ્વાકૂસી રાઈડિંગના પી.સી. પાર્ટીના ટિમ ઈકબાલ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત, ઓન્ટારિયો સરકાર દ્વારા ઓન્ટારિયો ટ્રિલિયમ ફાઉન્ડેશન (OTF)માં ગ્રાન્ટ રિવ્યૂ ટીમ મેમ્બર તરીકે તાજેતરમાં નિમણૂંક પામેલા પાથિક શુક્લા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન ઈશ્વરભાઈ પટેલ, ઉપેન્દ્ર દલવાડી અને અનિલ ભવસાર દ્વારા સુમધુર સંગીતની રજૂઆત કરવામાં આવી હતી, જેને સૌ ઉપસ્થિતોએ ખૂબ જ માણી હતી.

આ પ્રસંગે મહિલાઓએ સ્વયંસેવક તરીકે ઉત્કૃષ્ટ કામગીરી બજાવી હતી. ભોજન વ્યવસ્થા હોય કે સમગ્ર કાર્યક્રમનું સંચાલન - દરેક ક્ષેત્રે તેમની મહેનત અને સમર્પણ સ્પષ્ટપણે ઝળહળી ઉઠ્યું હતું.

આ સાથે જ ગ્રુપના આગામી તા. 1 મેના રોજ આવનારા સેક્રેટરી શ્રી નરેન્દ્રભાઈ પટેલના જન્મદિવસને અનોખી રીતે ઉજવવામાં આવ્યો હતો. ગ્રુપ માટે તેઓ સતત ખંતપૂર્વક સેવા આપતા હોવાથી સૌ સભ્યોએ કેક સાથે સરપ્રાઈઝ ઉજવણી કરીને તેમની પ્રતિ આભાર અને સ્નેહ વ્યક્ત કર્યો હતો. અંતે સેક્રેટરી શ્રી નરેન્દ્રભાઈ પટેલે સૌનો દિલથી આભાર માન્યો હતો.

મેફિલ્ડ વિલેજ સિનિયર્સ ગ્રુપની કાર્યકારિણીએ પણ કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. જેમાં ઉપપ્રમુખ સતીશભાઈ પટેલ, ખજાનચી પ્રવિણભાઈ મહેતા તેમજ બોર્ડ મેમ્બર તરીકે કપિલ જાની અને ગિરીશભાઈ મહેતા દ્વારા સુંદર સંકલન અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આમ, મેફિલ્ડ વિલેજ સિનિયર્સ ગ્રુપનો આ કાર્યક્રમ સૌ માટે યાદગાર અને આનંદમય બની રહ્યો હતો.



DP
DHARMENDRA PATEL

# DHARMENDRA PATEL

**FINANCIAL ADVISOR**



**INSURANCE**

- Life & Critical Illness Insurance
- Mortgage Protection Insurance
- Travel & Super Visa Insurance
- Disability Insurance
- Medical Insurance

**INVESTMENTS**

- RRSP, RDSP, TFSA, RRIF & Annuities
- Children Education Plans
- Estate Planning

Contact : (647) 834-8690
@ Dharmendrapatel@primerica.com

## insureline PEARL

COMMERCIAL HOME AUTO TRAVEL

**Dharmendra Patel** RIBO

M : 647 834 8690
O : 647 507 9219 | F: 647 872 9219
dharma.patel@insureline.com | www.insurelinepearl.com
7900 Hurontario Street, Unit 302 Brampton, ON L6Y 0P6
Independently Owned & Operated

# YourMortgagePoint

Wide Range of Mortgage Options Available

- Residential
- Commercial
- Business Loan

- Purchase
- New To Canada
- Self Employed
- High Networth
- Student Rental

- Refinance
- First Time Home Buyers
- Business For Self
- 1st & 2nd Mortgage
- Medical Professionals

Let's Talk! Your FREE consultation awaits



Dhavalkumar Patel
Mortgage Broker

Call Today - 647-893-1311

MORTGAGE ARCHITECTS
#12728

@yourmortgagepoint
dhavalkumar.patel@mtgarc.ca

# MURTI'S KITCHEN

| Sweets | Farsan | Snacks |
|---|---|---|
| Dal-Bati | Ladu(Gud/Sugar) | Fulwadi |
| Dakor na Gota | Mohanthhal | Khaman(Vatidal ) |
| Pavbhaji | Magas | Khaman(Nylon ) |
| Vadapav | Mysore Pak | Sev Khamani |
| Dabeli | Penda | Fafda |
| Papdi no lot | Kopra pak | Chole Bhature |
| Lilva Kachori | | Patties |

**Winter Special**

***METHI-PAK, ADADIYA-PAK, Khajur Pak (roll)***

And Many more.

Swaminarayan & Farar food Available

We do Catering

દેશી ટેસ્ટી
Murti's Kitchen

CALL US FOR MORE DETAILS
647-389-7549

Family Events
Birthday Event
Office Event
Wedding

# વડતાલધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, ટોરોન્ટો અને NYGC ગ્રૂપનું નોર્થ યોર્કમાં વડીલ સમુદાય માટે સશક્તિકરણ અભિયાન





વડતાલ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, ટોરોન્ટો અને NYGC ગ્રુપના સહયોગથી પ્રગ્નેશ પટેલના નેતૃત્વ હેઠળ રવિવાર એપ્રિલ ૧૯, ૨૦૨૬ના રોજ "સ્કેમ અવેરનેસ સેમિનાર ફોર સિનિયર્સ" નામે નોર્થ યોર્કમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને અસરકારક કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વડીલોને આજકાલ વધી રહેલા ઠગાઈના કિસ્સાઓ વિશે જાગૃત કરવો અને તેમને સુરક્ષિત રહેવા માટે જરૂરી માહિતી તથા માર્ગદર્શન પૂરું પાડવાનું હતું.



આજના ડિજિટલ યુગમાં ઠગાઈના નવા નવા ઉપાયો સતત સામે આવી રહ્યા છે, જેમાં ખાસ કરીને વડીલોને ટાર્ગેટ કરવામાં આવે છે. આ વાતને ધ્યાનમાં રાખીને આ સેમિનારમાં ફોન સ્કેમ, ઈમેઈલ ફ્રોડ, બેંકિંગ ફ્રોડ અને ઑનલાઈન ઠગાઈ જેવી બાબતો વિશે વિગતવાર સમજણ આપવામાં આવી. પ્રજ્ઞેશ પટેલે ખૂબ સરળ અને સમજણસભર ભાષામાં સમજાવ્યું કે કઈ રીતે ઠગો લોકોની વિશ્વાસનો દુરુપયોગ કરીને તેમને નુકસાન પહોંચાડે છે અને આથી કેવી રીતે સાવચેત રહેવું.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા, ખાસ કરીને વડીલોનો ઉત્સાહ જોવો મળ્યો. હાજર રહેલા તમામ લોકોએ આ માહિતીપ્રદ સત્રને ખૂબ જ ઉપયોગી ગણાવ્યો. ઘણા વડીલો ઉભા થઈને પોતાના અનુભવો પણ શેર કર્યા અને સાથે જ આ પ્રકારના વધુ કાર્યક્રમો આયોજિત કરવાની વિનંતી પણ કરી. તેઓએ જણાવ્યું કે આવી માહિતી તેમની રોજિંદી જિંદગીમાં ખૂબ મદદરૂપ બને છે અને તેમને વધુ આત્મવિશ્વાસ આપે છે.

વડતાલ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિરના એક્ઝિક્યુટિવ કમિટીના સભ્યો તથા પ્રમુખ ધવલ સોનીએ પ્રસિદ્ધ વક્તા તેમજ નોર્થ યોર્ક ગુજરાતી કોમ્યુનિટી ગ્રુપના પ્રમુખ અને ગુજરાત નો રણકારના મુખ્ય સંપાદક પ્રજ્ઞેશ પટેલનો આ મહત્વપૂર્ણ પહેલ માટે આભાર વ્યક્ત કર્યો. તેમણે જણાવ્યું કે સમાજની સેવા અને જાગૃતિ માટે આ પ્રકારના કાર્યક્રમો ખૂબ જરૂરી છે અને ભવિષ્યમાં પણ આવી પ્રવૃત્તિઓ ચાલુ રાખવા માટે તેઓ હંમેશા તૈયાર રહેશે.

આ સેમિનાર માત્ર એક કાર્યક્રમ નહીં પરંતુ એક સશક્તિકરણનો પ્રયત્ન હતો, જેમાં વડીલોને પોતાની સુરક્ષા માટે જરૂરી જ્ઞાન પ્રાપ્ત થયું. આ પ્રસંગે ઉપસ્થિત તમામ લોકોએ આ પહેલની પ્રશંસા કરી અને આશા વ્યક્ત કરી કે આવી જાગૃતિ લાવતી પ્રવૃત્તિઓ સતત ચાલતી રહેશે. આ રીતે, "સ્કેમ અવેરનેસ સેમિનાર ફોર સિનિયર્સ" એક ખૂબ જ સફળ અને પ્રેરણાદાયી કાર્યક્રમ તરીકે સાબિત થયો, જે સમાજ માટે એક સકારાત્મક દિશામાં લેવામાં આવેલ મહત્વપૂર્ણ પગલું છે.

**વધુ માહિતી માટે સંપર્કઃ**

**ધવલ સોની**
647-236-4148

**અજેન્દ્ર પટેલ**
647-997-7486

**સ્થળઃ 2400 Finch Avenue West, North York, ON M9M 2C8,**

**આયોજકઃ Vadtaldham Shree Swaminarayan Hindu Temple**












"Honest Deals. Real Results."
Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey
Jignesh Patel
REAL ESTATE BROKER
Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!
• Personalized Guidance for Buyer & Sellers
• More Than 5+ Years of Experience
• Transparent Service
• Check Reviews on Google & Instagram and Lets get Started!!
Let's Get Started
647-381-1492
realtor@jignesh.ca
5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca
HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle
Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated

# 'કનેક્ટેડ દુનિયા, ડિસ્કનેક્ટેડ હૃદય': સોશિયલ મીડિયાનો યુગ એટલે નરી એકલતા



સંકલન
હસમુખ બી. પટેલ
'હર્ષ'-'પરખ'
અમદાવાદ-નારદીપુર
Mob No
98792 02380
E Mail
patelh166@gmail.com

## ડિજિટલ દુનિયા, જનરેશન ગેપ અને માનવીય સંબંધોની કસોટી

એક સમય હતો જ્યારે પરિવારના બધા સભ્યો સાંજે એકસાથે જોડે બેસતા, વાતો કરતા, અનુભવો વહેંચતા, ગમ્મત કરતા, સંસ્કાર સિંચન કરતા, સંસ્કૃતિ અને ધર્મની આસ્થાની આહલેક જગાવતા, સુખનો સરવાળો કરતા અને દુઃખનો ભાગાકાર કરતા હતા. આજે આ દ્રશ્ય દુર્લભ બની રહ્યું છે, સંપૂર્ણપણે વીસરાઈ ગયું છે. જાણે કે આવો યુગ અને સમય એક કલ્પના માત્ર હતો. આજે તો એક ઘરમાં ત્રણ-ચાર-પાંચ લોકો બેઠા હોય ત્યારે બધા જ પોતાપોતાની મોબાઈલની દુનિયામાં વ્યસ્ત હોય છે, અટવાયેલા હોય છે, ખોવાયેલા હોય છે, જકડાયેલા હોય છે અને ભૂલભૂલૈયામાં પડેલા હોય છે. સાથે બેઠેલા આ લોકો કલાકો સુધી શારીરિક રીતે નજીક હોય છે પરંતુ માનસિક રીતે જોજનો દૂર હોય છે. ડિજિટલ યુગના કારણે માનવજીવનમાં કેટલીક હકારાત્મક ક્રાંતિ ચોક્કસ આવી છે પરંતુ તેના કારણે જનરેશન ગેપ, સંબંધોની ગૂંચવણ, સ્નેહની સાંકળનો વિધ્વંસ, સંયુક્ત પરંપરાનો ક્રમશઃ વિનાશ અને સંસ્કૃતિની અવહેલના વધી રહી છે.

ડિજિટલ ટેકનોલોજી, વિવિધ સોશિયલ મીડિયા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મોબાઈલ, લેપટોપ, ઈ મેઈલ, વોટ્સએપ અને અન્ય સહેલાઈથી ઉપલબ્ધ કોમ્યુનિકેશન મીડિયાએ સમગ્ર વિશ્વને જાણે કે એક નાનકડું ગામ માત્ર બનાવી દીધું છે. વિવિધ પ્રકારની માહિતી મિનિટોમાં આખા વિશ્વભરમાં ફેલાય છે. ઓનલાઈન અભ્યાસ, ઈ-બિઝનેસ, વર્ક ફ્રોમ હોમ જેવી વ્યવસ્થાઓએ જીવન સરળ બનાવ્યું છે. પરંતુ બીજી તરફ, આ સુવિધાઓએ માનવસંપર્કને વર્ચ્યુઅલ બનાવી દીધો છે. વિશ્વમાં વિકાસની આ હરણફાળ ઘણે બધે અંશે જરૂરી છે પરંતુ માનવજીવનના મૂલ્યોમાં થતો ઘટાડો અને તમામ સંસ્કૃતિઓથી પ્રત્યે ઉદ્ભવતો અભાવ એ તો પૃથ્વી ઉપર માનવ સંસ્કૃતિના અંતની શરૂઆત છે, જે અત્યંત સંવેદનશીલ મુદ્દો છે.

## એ. આઈ. કરે ચમત્કાર પણ હોય છેતરપિંડી

યુવા પેઢી માટે સોશિયલ મીડિયા જીવનનો અવિભાજ્ય ભાગ બની ગયું છે. તેમની ઓળખ, મિત્રતા, અભિપ્રાય અને આત્મવિશ્વાસ ઘણીવાર "લાઈક્સ" અને "ફોલોઅર્સ" પર આધારિત થઈ જાય છે. દેખાવ, ટ્રેન્ડ અને વાયરલ થવાની દોડમાં સાચી લાગણીઓ પાછળ રહી જાય છે. પોતાની શક્તિ આજનો યુવાવર્ગ જે સોશિયલ મીડિયા પાછળ બરબાદ કરે છે ત્યાં મેળવવા કરતાં ગુમાવવાનું વધારે હોય છે. સરખામણીનું ઝેર મનમાં ઘૂસીને સમગ્ર યુવાધનને બરબાદ કરી રહ્યું છે. આના પરિણામે જ અસંતોષ, ડિપ્રેશન, અને એકલતા વધે છે. ક્રાંતિ લાવી રહેલું સોશિયલ મીડિયા બેલગામ થઈ રહ્યું છે. આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ દ્વારા બનતા ફોટામાં વ્યક્તિઓ હોય એના કરતાં અનેકગણા સારા અને સજ્જન લાગે છે. આવા વ્યક્તિઓને રુબરુ મળીએ ત્યારે આપણને એ માણસ માટે અભાવ જન્મે છે. સાહિત્ય જગતમાં મારા આવા ૪-૫ અનુભવ છે. ગોરાઓના કલ્ચરમાંથી આવતો અને ફોટામાં ગોરો દેખાતો વ્યક્તિ હકીકતમાં મેંશને પણ સફેદ કહેવડાવે એવો હોય છે. ફોટામાં ૪૦-૪૫ વર્ષનો સોહામણો લાગતો વ્યક્તિ કોઈક સ્નેહમિલનમાં મળીએ ત્યારે જર્જરિત, ખખડી ગયેલો અને એના જ ફોટાની ક્રૂર મજાક કરતો હોય એવો લાગે છે. ફોટામાં ૩૫-૪૦ વર્ષની ખૂબસૂરત લાગતી મહિલા રુબરુ મળતાં જૂના પુરાણા ખંડેર જેવી લાગે છે અને જોઈને જ આપણને ખૂબસૂરત શબ્દથી કોસો દૂર જવાનું મન થાય છે. અહીં એ વ્યક્તિઓની લાગણી દુભાવવાનો કે એમને થોડા પણ નીચા બતાવવાનો આશય નથી. કહેવાનું એટલું જ છે કે એ.આઈ. નો મેકઅપ કરો તો માફકસરનો કરો ને!



## ફટાફટ યુગ- ભૂલાતી સંવેદના

આજની નવી પેઢી માટે ચેટ, વીડિયો કોલ અને ઈમોજી જરૂરી અને પૂરતા છે. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને ટ્વિટર પર હજારો 'મિત્રો' હોવા છતાં, માણસ આજે ઈતિહાસના સૌથી એકલવાયા યુગમાં જીવી રહ્યો છે. આપણે બીજાના જીવનની ઝાકઝમાળ જોઈને પોતાના જીવનની સરખામણી કરીએ છીએ, જે ડિપ્રેશન અને અસંતોષનું મૂળ કારણ છે. લાઈક્સ અને કોમેન્ટ્સ પર આપણો આનંદ નિર્ભર થઈ ગયો છે. આ 'ડિજિટલ નશો' અફીણ કરતા પણ વધુ ખતરનાક સાબિત થઈ રહ્યો છે. મોટી પેઢી માટે આ ડિજિટલ પરિવર્તન સમજવું સહેલું નથી. વ્યક્તિગત મુલાકાત, ઉષ્માસભર આવકાર, પરોણાગત, સંવાદ થકી વિવાદનું સમાધાન, લાગણીનો સ્પર્શ, હેતાળ દેશી બોલી, ખાટલા કે ઓટલાની ગોળમેજી પરિષદ અને એક હોંકારે બધાનું દોડી આવવું એ જૂની પેઢીની જીવંત જિંદગી હતી. નીરવ શાંતિ અને ઝંઝટ કે ધમાલથી દૂર પેઢીઓની પેઢીઓ ઉદાહરણરૂપ યાદગાર જીવન જીવી ગઈ. આજે તો આ બધું સ્વપ્ન સમું લાગે છે. કોઈ મળતું નથી, આવતું નથી, ગામડાં પડી ભાંગ્યા છે, વાસ અને ફળિયાના મોટા ભાગના મકાને ખંભાતી તાળા લટકે છે. જે થોડા ઘણા મકાન ખુલ્લા છે એમાં માત્ર ૭૦ વર્ષની વયથી ઉપરના વૃદ્ધો અનિમેષ નજરે મૃત્યુની રાહ જોતા હોય છે. આજની પેઢીનો ફટાફટ યુગ જાણેઅજાણે અગાઉની પેઢીને વિષાદ મોત નોંતરવાનું નિમિત્ત બને છે. એમની પાસે પોતાનાથી દૂર રહેતા માબાપ પાસે વાત કરવાનો સમય નથી.

આપણે સ્વીકારીએ કે ના સ્વીકારીએ પણ આજના તબક્કે બે પેઢી વચ્ચે ના પૂરી શકાય એવી વિશાળ ખાઈ ઊભી થઈ ગઈ છે. ભૂતકાળમાં આ પહેલાં બે પેઢી વચ્ચે માત્ર ના સમજી શકવાનું નાનુંમોટું અંતર રહેતું. પણ આજે જે અંતર, અભાવ, મનદુઃખ, અલગ વિચારધારા આવી ગઈ છે એ માત્ર બે પેઢી જ નહીં પણ સમગ્ર સમાજ અને સંસ્કૃતિનો વિચ્છેદ કરી રહી છે. અતિ મોડર્ન વિચારધારા અને પરંપરાગત મૂલ્યો વચ્ચે અથડામણ વધી રહી છે. લગ્ન, પરિવાર, સંસ્કાર, શિક્ષણ–બધા ક્ષેત્રોમાં વિચારસરણી બદલાઈ રહી છે. ડિજિટલ દુનિયા અને સોશિયલ મીડિયાનું વળગણ સંયુક્ત કુટુંબ વ્યવસ્થાની ઘોર ખોદી રહ્યું છે અને વિભક્ત કુટુંબ વધી રહ્યા છે. વધતા જતા વિભક્ત કુટુંબો મોટા ભાગની જૂની સારી અને શાશ્વત પારિવારિક પ્રણાલીઓને ધરમૂળથી ભસ્મીભૂત કરી રહી છે. વ્યક્તિગત સ્વતંત્રતા ચોક્કસ આવકારદાયક છે પરંતુ સાથે સાથે સામાજિક જવાબદારીઓનું બંધન પણ એટલું જ મહત્વપૂર્ણ છે.

## ડિજિટલ યુગ - બુદ્ધિ અને સમજદારીનો જંગ

ડિજિટલ યુગમાં અભ્યાસની વિસંગતતા પણ દેખાય છે. માહિતીની કોઈ અછત નથી, પરંતુ ગહન જ્ઞાનની તરસ અને સમજ સતત ઘટી રહી છે. વિદ્યાર્થીઓ ટૂંકા વીડિયો અને ઝડપી નોટ્સથી પરીક્ષા પાસ કરી શકે છે, પરંતુ વિચારશક્તિ અને સંશોધનભાવના નબળી પડી રહી છે. વાંચનની આદત ઘટી રહી છે, ધ્યાન એકાગ્ર રાખવાની ક્ષમતા ઓછી થઈ રહી છે. સોશિયલ મીડિયા પર સંપૂર્ણપણે આધાર રાખીને શિક્ષણ પરાવલંબી થઈ ગયું છે. સમાજમાં જે શિક્ષણનું સ્તર કથળે તો લાંબા ગાળે સમગ્ર સમાજ નિર્મૂળ થઈ જાય છે. આ યુગનું એક મોટું ભયસ્થાન સાયબર ક્રાઈમ છે. વિશ્વમાં જુદા જુદા ભાગમાં સાયબર ક્રાઈમ સતત વધી રહ્યો છે. ઓનલાઈન ઠગાઈ, ડેટા ચોરી, હેકિંગ, મોટા પાયે જે તે ખાતાંમાંથી પૈસાની જંગી હેરાફેરી, મોટી ઉંમરના વ્યક્તિઓ




જોડે ધાકધમકી દ્વારા પૈસાની ઉઠાંતરી, ફોટા અને વીડિયો દ્વારા બ્લેકમેલિંગ, જુદા જુદા સમુદાયના લોકો વચ્ચે અકારણ ઉશ્કેરણી અને પછી રમખાણો, ખોટા સમાચાર વાયરલ કરી લોકોને હેરાન કરવા, શાળાઓમાં કે અન્ય જાહેર જગ્યાઓ પર બોંબ મૂકવાની ધમકીઓ જેવી ઘટનાઓ અતિ સામાન્ય બની રહી છે. આનાથી પણ વધુ ગંભીર બાબત એ છે કે સોશિયલ મીડિયા પર ફેલાતી નફરત અને ફેક ન્યૂઝ દેશો અને ધર્મો વચ્ચે વૈમનસ્ય ઉભું કરી રહ્યા છે. આ પ્રવાહ આખા સમાજને સતત છિન્નભિન્ન કરી રહ્યો છે.

અતિ મોડર્ન વિચારધારાના નામે આપણે વડીલોના અનુભવને 'આઉટડેટેડ' ગણી કાઢ્યા છે. પહેલાં સંયુક્ત કુટુંબોમાં સંસ્કારોનું સિંચન થતું, આજે વિભક્ત કુટુંબોમાં બાળક એકલું પડી ગયું છે. માતા-પિતા બંને નોકરીમાં વ્યસ્ત હોય અને બાળક મોબાઈલમાં - આ પરિસ્થિતિએ પેઢીઓ વચ્ચેની ખાઈ ( Generation Gap ) વધારી દીધી છે. સંવાદની જગ્યાએ હવે 'ચેટિંગ' એ લીધી છે, જેમાં શબ્દો તો છે પણ લાગણી ગાયબ છે.

નાના બાળકોની ડિજિટલ પ્લેટફોર્મ પરની સક્રિયતા બહુ મોટું ભયસ્થાન છે, કારણ કે તેમને સુરક્ષાની સમજ જ નથી. પશ્ચિમી દેશોમાં જે રીતે નાના બાળકોને બંદૂકના લાયસન્સ મળે છે અથવા તેઓ હિંસક ગેમ્સ રમીને વાસ્તવિક જીવનમાં પણ હિંસા તરફ વળે છે, તે સમગ્ર માનવજાત માટે લાલબત્તી સમાન છે. શિક્ષણમાં માત્ર ડિગ્રીઓ પર ભાર મૂકાય છે, પણ નૈતિકતા અને માનવતાના પાઠ ભૂલાતા જાય છે. અભ્યાસની આ વિસંગતતા જ ભવિષ્યના ગુનેગારો પેદા કરી રહી છે. વર્તમાન સમયે તમામ માતાપિતાએ ટેક્નોલોજીથી દૂર ભાગવાને બદલે તેને સમજવી અને સંતાનોને યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.

ડિજિટલ યુગને નકારી શકાતો નથી. તે આપણા જીવનનો ભાગ બની ગયો છે. પરંતુ પ્રશ્ન એ છે કે શું આપણે ટેક્નોલોજી પર નિયંત્રણ રાખીએ છીએ કે ટેક્નોલોજી આપણું નિયંત્રણ કરે છે? જો આપણે જાગૃત રહીને તેનો ઉપયોગ કરીશું, તો તે શક્તિ બની શકે. નહીંતર એ આપણને એકબીજાથી દૂર કરી દેશે. આજે સોશિયલ મીડિયાના રોજબરોજ બદલાતા સમીકરણોમાં સમજણને અગ્રતાક્રમ આપવામાં આવે તો ઘણીબધી સમસ્યાઓ હલ




કરી શકાય છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ટેક્નોલોજી એ અસાધારણ બુદ્ધિમત્તાનું અનિવાર્ય અસ્તિત્વ છે. આ બુદ્ધિમત્તાને સંપૂર્ણ શાણપણથી સ્વીકારવામાં આવે તો સમાજની ઉન્નતિ માટે એક મજબૂત ધરોહરનું નિર્માણ થઈ શકે એમ છે. જરૂર પડ્યે બુદ્ધિ પર બ્રેક લગાવવી જ રહી.

## સમસ્યાઓના કારણના નિવારણ

જનરેશન ગેપનો સાચો ઉકેલ સંવાદ છે. મોટી પેઢીએ નવી ટેક્નોલોજી પ્રત્યે ખુલ્લું મન રાખવું જોઈએ, અને નવી પેઢીએ પરંપરા અને અનુભવોનો માન રાખવો જોઈએ. બંને વચ્ચે પરસ્પર સમજ જરૂરી છે. ડિજિટલ સાધનોનો ઉપયોગ સંબંધોને મજબૂત બનાવવા માટે થવો જોઈએ, નહીં કે સંબંધોમાં અંતર ઊભું કરવા માટે.

પરિવારમાં "ડિજિટલ ડિટોક્સ" જેવી પ્રવૃત્તિઓ અપનાવી શકાય. દિવસમાં થોડો સમય ગેજેટ વગર પસાર કરવો, એકસાથે ભોજન લેવું, ખુલ્લી ચર્ચા કરવી—આ નાના પગલાં મોટો ફેરફાર લાવી શકે છે. ટેક્નોલોજીનો ઉપયોગ શીખવા, સર્જનાત્મકતા વધારવા અને સમાજસેવા માટે પણ થઈ શકે છે.

માનવ સંબંધોની મજબૂતી ઓનલાઈન સ્ક્રીન પર નહીં, પરંતુ દિલની અનુભૂતિ છે. સ્નેહ, સંવેદના, સહાનુભૂતિ અને સમજણ જેવા મૂલ્યો કોઈ એપ્લિકેશન ડાઉનલોડ કરીને મેળવાતા નથી. આ મૂલ્યો પરસ્પર ન્યોછાવર થવાની ભાવનાથી આવે છે. આ માટે મોટું મન અને ત્યાગની ભાવના કેળવવી પડે છે.

આપણે ટેક્નોલોજીનો ઉપયોગ કરવાનો છે, પરંતુ તેના ગુલામ બનવું પોસાય એમ નથી. પરિવાર સાથે સમય વિતાવવો, પ્રકૃતિના ખોળે બેસવું, અને સ્ક્રીન ટાઈમ ઘટાડી 'લાઈફ ટાઈમ' વધારવો એ જ આજનો શ્રેષ્ઠ ઉપાય છે. જો આપણે આજે નહીં જાગીએ, તો ભવિષ્યની પેઢી આપણને માફ નહીં કરે.


ગામડાંને નવજીવન આપવું એ વર્તમાન સમયની એક અનિવાર્ય જરૂરિયાત છે. ગામડાંનું મૂળ વાતાવરણ અને પરસ્પર લાગણી ઘટવાના કારણે આપણે સંસ્કૃતિ ભૂલાવી રહ્યા છીએ. ખેતીને આધુનિક બનાવીને યુવાનોને ખેતી તરફ વાળવા પડશે. આ માર્ગ જ સંવાદિતાનો રાહબર બનવાનો છે. ડિજિટલ દુનિયાને ગામડાના ખૂણે ખૂણે લઈ જઈને સમજણ સાથે તેનો ઉપયોગ કરવાની તાલીમ છિન્નભિન્ન થઈ રહેલા સમાજને અડીખમ બનાવી શકે છે.

આપણે માત્ર બહારની દુનિયાને સુધારવા મથામણ કરીએ છીએ, પણ અંદરની દુનિયા ( માનસિકતા ) અને કુદરતી મૂળિયાં ભૂલી રહ્યા છીએ. આજે સમય આપણને ચેતવણી આપી રહ્યો છે કે શસ્ત્રો છોડીને શાસ્ત્રો પકડો. ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયાને સ્વીકારો પણ એ સ્વીકાર સમજણપૂર્વકનો જ હોવો જોઈએ.

આજનો ડિજિટલ યુગ દુનિયાને 'કનેક્ટેડ' કરવા માટે નીકળી પડ્યો છે પરંતુ કમનસીબે હૃદય 'ડિસ્કનેક્ટેડ' થઈ રહ્યા છે. સોશિયલ મીડિયાનો યુગ એટલે નરી એકલતા એવું કહેવું અને માનવું પડે એવું આ તારણ છે. સોશિયલ મીડિયાથી થતા ગેરફાયદા અને નુકસાનને સમસ્ત સમાજ સમક્ષ ઉજાગર કરીને એનો ઉપયોગ જરૂરિયાત પૂરતો કરવાનો સૌને અનુરોધ કરવામાં આવે અને એનું પાલન થાય તો આપણે ફરીથી હૃદય કનેક્ટ કરી શકીએ એમ છીએ.

હજુ એટલું મોડું નથી થયું કે આપણે ગુમાવેલું પરત ના મેળવી શકીએ. થોડીક સમજણ, થોડોક સમય, થોડોક ત્યાગ, થોડોક સ્નેહ, થોડોક લગાવ, થોડીક સેવા અને સંપૂર્ણ સંસ્કૃતિ સમર્પણ આપણને ફરી એકવાર શાંતિ તથા ખુશી આપવા તૈયાર જ છે. આપણે પૈસા પાછળની આંધળી દોટ છોડવાનો સમય છે, કારણ વગરની કાતિલ હરિફાઈ ભૂલવાનો સમય છે, માતાપિતા તથા સગાસંબંધીઓને પ્રથમ પ્રાયોરિટી આપવાનો સમય છે, જે દેવીદેવતામાં આસ્થા હોય ત્યાં નિયમિત દર્શન પૂજા કરવાનો સમય છે, માતાપિતા પાસેથી મળેલા સંસ્કાર આપણા બાળકોને આપવાનો સમય છે, પર્યાવરણ અને પ્રકૃતિને જાળવવાનો સમય છે અને નિયમિત અબોલ જીવસેવા કરવાનો સમય છે. આટલું આપણે સમજીશું તો કુદરત અનેકગણું સમજશે અને આપણને સૌને કલ્પનાતીત વળતર આપશે. એ વળતરમાં ખુશી, સંતોષ, લાગણી, પ્રેમ, સેવા, ફરજ અને જવાબદારીના શાશ્વત સપ્તક સૂર હશે જે જગતના વાતાવરણને કાયમ મઘમઘતું રાખશે.

**કેનેડાના અગ્રગણ્ય ગુજરાતી અઠવાડિક 'ગરવી ગુજરાત' મારફતે આપણે એક જાગૃત નાગરિક / સાહિત્યકાર / વાચક તરીકે આજથી જ એક સંકલ્પ લઈએ કે આપણે સોશિયલ મીડિયાનો ઉપયોગ થોડોક મર્યાદિત કરીશું. માતાપિતાની સેવા સંપૂર્ણ આદર સન્માન સાથે કરીશું. આપણા ગામડાં તથા પર્યાવરણને સંભાળીશું. પરસ્પર હળવામળવાનું રાખીશું. સંબંધોને હાય, હેલો કે ઈમોજીથી નહીં પરંતુ એકબીજા સાથે વાતચીત કરીને મહેંકાવીશું. આપણા સગાસંબંધીઓ તથા મિત્રવર્તુળમાં પણ આપણે સૌને આ સંકલ્પ લેવડાવીશું. અબોલ જીવસેવા માટે સંકલ્પ લઈશું અને અબોલ જીવોનું રક્ષણ કરીશું.**


FOG CANADA
FRIENDS OF GUJARAT
Presents
11th Annual
SUN SAI KITCHEN & COUNTERTOPS
Quartz · Marble · Granite · Floor Tiles
AMIT KANSARA 4167257178
CANADA DHOL TASHA
Dharmendra Oza
647.453.5626 (LOAN)
CELEBRATING THE CULTURE OF
GUJARAT & MAHARASTRA
FREE EVENT
FRIDAY 1st, MAY 2026
AT CITY HALL, BRAMPTON
2:30 PM TO 4:30 PM
Flag Raising by :
Hon. Mayor Patrick Brown
GUJARAT ABROAD
Shilpesh Parikh : 647-992-6951
ગુજરાત ન્યૂઝલાઈન
647 400 6248
ગુજરાત વીકલી
RADIO Muskaan WITH NEELAM
Humans for Harmony
GUJARAT PUBLIC AFFAIRS COUNCIL OF CANADA
वसुधैव कुटुम्बकम
CONTACT US:
Akhil Shah 647-203-4411 | Pathik Shukla 416-988-0850 | Purvish Bhavsar 416-320-0809
Shilpesh Parikh 647-992-6951 | Pratik Jain 437- 974-2307 | Bhavik (416) 471-2829 | Rajnibhai (416) 837-8409
Vaidehi Raut 416-318-9846 | Vishal Kulawade 647-830-5586

# એક ડગલું કુદરતના ખોળે - ફળદાયી દાન



લેખક
નીકીમલય
કચ્છ - ભુજ : ગુજરાત



વડીલો આશીર્વાદ આપતા હોય ત્યારે આપણને ઘણી વખત આવું વાક્ય કાને પડે. "સો વર્ષ જીવો બેટા" આના પરથી આપણને ખ્યાલ આવે કે માણસ નું આયુષ્ય ૧૦૦ વર્ષનું છે. આમ તો પુરાણો વાંચો તો દરેક જીવ માટે આયુષ્યની રેખા નક્કી થયેલ છે. શું તમને બધાને વિચાર આવે છે..??? કે આપણે જેની સાથે જીવન જીવીએ છીએ તેનું આયુષ્ય કેટલું..? અરે હું જીવન સાથી કે તમારા લોહીના સંબધોના જીવનની કે સમાજની વાત નથી કરતી. તમારી સાથે રહેલ આજુબાજુનું વાતાવરણ, પ્રકુતિ, હવા, પૃથ્વી વગેરેના જીવાદોરીની વાત કરું છું.

ભગવાને જીવન આપ્યું અને દરેક કેટલું જીવી શકે તેવી આછી પાતળી રેખા પણ આંકી દીધી પણ આપણી આસપાસની પ્રકૃતિ, વાતાવરણને તમે કઈ રીતે જીવાડાશો તે ભગવાને આપણા પર છોડી દીધું.

વળી તમને પ્રશ્ન થતો હશે કે બધું ભગવાનના હાથમાં છે. આપણા હાથમાં કશું જ નથી તો પછી આસપાસનું વાતાવરણ આપણા હાથમાં કેમ હોઈ શકે..!! પણ હું તમને ધીમે ધીમે પૃથ્વીની ગતિ તરફ પ્રયાણ કરવા લઈ જાવ છું. જેમ આપણે ધ્યાનમાં બેસીએ ત્યારે એકદમ ધ્યાન મગ્ન (સ્કાયવોક કરતા હોઈયે ) થઈ ગયા હોઈ ત્યારે આપણી આજુબાજુ ઔરા જો બ્લેક કલરની વધારે દેખાય તો આપણે આપણા મન કે મસ્તિષ્ક સુધી પહોચ્યા નથી. હજી છીછરા પાણીમાં જ આંટા મારીએ છીએ. જયારે તમે ધ્યાન મગ્ન હો તે સમયે તમારી આસપાસની ઔરા વ્હાઈટ કલરની ચમકતી દેખાય ત્યારે તમને જ્ઞાનનો અનુભવ થવાનું શરુ થઈ જાય છે. તમને બધાને એમ થશે કે પૃથ્વીની ગતિ તરફ પ્રયાણ કરવું છે તો આ બધું ધ્યાન અને ઔરા સાથે શું લેવા દેવા...!!! ધાર્મિક રીતે સામાન્યતઃ કહીએ તો "તમારી અંદરના અરીસાને પારખવાની કોશિશ એટલે ધ્યાન." ધ્યાન કર્યા પછી જે જ્ઞાન આવે તેમાં આપણે આજુબાજુની પ્રકૃતિને ઓળખી કે જાણી કે સમજી શકીએ છીએ. તમે પોતાની જાતને જ પ્રશ્ન કરો કે મારા દાદા, પરદાદા ખેતી કરતા, ઘરે પાણીની વ્યવસ્થા ન હતી એટલે કૂવામાંથી પાણી ભરવા જતા. તળાવમાં નાહવા જતાં. કૂવો, તળાવ ખેતર આ બધું ઘરથી દુર હતું છતાં પણ સાંજે ટાઢાં પહોરે ચોરે બેસતાં. તેમની પાસે બાઈક કે અન્ય સંસાધન પણ ન હતા. છતાં તેવો ખુશીથી જીવન જીવતાં. તેની કમ્પેરમાં આપણે બધી સુવિધા સાથે રહીએ છીએ. સમયની બચત માટે હાઈસ્પીડ વાહનો ઘરે તમામ સુવિધા છતાં આપણી પાસે ઘરે નિરાતે બેસવાનો સમય નથી. આનું કારણ શું? પહેલા આપણી પૃથ્વી ધીમી ગતિએ ફરતી એટલે દિવસ અને વર્ષ જતાં સમય લાગતો..?? આવા અનેક તાર્કિકમાં આપણે સફર નથી કરવી.

ભાગદોડ વાળી આપણી જીંદગીમાં આપણે ક્યારેય પાછું વાળીને જોયું જ નથી. આદિમાનવ ઝાડ પર રહેતો ઝાડાના વસ્ત્ર પહેરતો, ને ઝાડાના ફળફૂલ ખાતો ...!! પણ ચક્રની શોધ થઈ પછી દુનિયા ગતિમાન થઈ એવું સામાન્ય રીતે કહેવાય છે. માનવી આદિકાળથી જ ક્રિયાશીલ રહ્યો છે. તેના પરિણામે આપણે અત્યારે આધુનિક લાઈફ તરફ છીએ. ખેતર કે કૂવાની જગ્યાએ ઘરમાં પાણીનો નળ યોગ્ય છે. બળદ ગાડાને બદલે વાહનો યોગ્ય લાગે. ટુકમાં કોઈ પણ વસ્તુ માપમાં હોઈ ત્યાં સુધી ગુણકારી છે. દા.ત. દિવસમાં ચાનો એક કપ યોગ્ય છે જો દિવસ દરમિયાન ચાર-પાંચ કપ ચા પીવો તો શું થાય..? ભવિષ્યનું પરિણામ આપણે સારી રીતે જાણીએ છીએ. તેવી રીતે આપણે બધા પૃથ્વીવાસી છીએ પૃથ્વીની ઔરામાં આવતી તમામ વસ્તુનો આપણને ભોગવવાનો હક છે. મેં આગળ કહ્યું કે માનવ સતત પરિવર્તન અને ક્રિયાશીલ રહેતું પ્રાણી છે. આધુનિક યુગનો માનવી જે રીતે પોતાની લાઈફ સ્ટાઈલ બદલાવીને જીવી રહ્યો છે તે રીતે જોઈએ તો એક સમય એવો આવશે કે પૃથ્વી ને આકાશ બંનેમાં કોઈ ફરક નહિ રહે. વૈજ્ઞાનિક ભાષામાં કહીએ તો પૃથ્વીને રક્ષણ કરનાર વાયુનું સ્તર ઘટતું જાય છે. પરિણામે માનવ જીવન પણ આ ઘટતા વાયુ સ્તર સામે રક્ષણ માટે પોતાની લાઈફ સ્ટાઈલ બદલવીને જીવવુ પડે છે. આપણે આધુનિક જીવન જીવીએ છીએ એ આપણો પ્રોગ્રેસ છે. કુદરતના નિયમ મુજબ માનવે બીજા જીવ માટે પણ થોડું દાન કરવું જરૂરી છે. દા.ત. તરીકે આપણે કીડીને કીડીયારું પુરીએ છીએ (ગોળ અને લોટ ભેળવીને કોઈ ઝાડની આસ પાસ આપણે તેને વેરીએ છીએ.) જેથી નાના નાના કીડી મકોડા જેવા જીવને ખોરાક મળી રહે છે. આ દાનનો મતલબ આવો નથી કે તમે અન્નદાન કે વસ્ત્રદાન કે ધનદાન કરો. દાન એટલે તમારા જીવનનો કોઈ એક દિવસ પ્રકૃતિ કે કુદરત માટે ફાળવો. ઘણા લોકો વહેલા ઉઠવાનો અને કસરત કે યોગ કરવાનો નિયમ લે છે પણ પાળી શકતા નથી. તો કોઈ સરળ નિયમ બનાવો કે અઠવાડિયામાં એક દિવસ કાર અને બાઈક નહી ચલાવું . જે નાની સરખી પેટ્રોલ કે ઈંધણની બચત પણ દાનનું સ્વરૂપ છે. જો આવી ટેક માનવ સમુદાય વધુ ને વધુ લેવા માંડશે તો આ નાની સરખી ટેક ઈંધણદાન બચતના ગુણોત્તરમાં ફેરવાઈ શકે. અઠવાડિયામાં એક -બે કલાક એસી કે લાઈટ વગર પ્રકૃતિના ખોળે ગુજારો, તો તમારા આ એક બે કલાક પ્રકૃતિ માટે અમુલ્ય દાન કહેવાશે. આવા તો ઘણા નાના નાના જીવન સુત્રો છે જે દાન સ્વરૂપે તમને જ ફળદાયી નીવડે છે.

આપણી આર્થિક જીવનની વ્યસ્તાને કારણે બાળકો પણ ફરિયાદ કરે છે કે તમે અમારી માટે જીવતા જ નથી. વાત પણ સાચી છે, અને રજાના દિવસે આપણે થોડા મોડા ઉઠીએ એટલે દિવસ ભર કામમાં જ પરોવાઈ રહેતા હોઈએ. પરિણામે રજાના દિવસે વધુ કામ કરતા હોઈએ. રજાના દિવસે પણ જો રૂટીન સમય પ્રમાણે ઉઠીએ તો ...!! ને પરિવાર સાથે સાઈકલિંગ કે આજુબાજુ પ્લાન્ટિંગ કે છોડવાને પાણી પીવડાવીએ તો ઉગનાર પેઢીને પણ આવા સંસ્કાર આવશે તે પ્રકૃતિ પ્રત્યે સજાગ થશે. આપણી આજુબાજુના વાતાવરણની લાઈફ લાઈન આપણા થકી સારી રહેશે. અને પ્રકૃતિ ખુશ તો જીવ સમુદાય સકુશળ...!!!

**"આધુનિક જીવનની ભાગદોડ વચ્ચે પ્રકૃતિ સાથેનું જોડાણ જાળવવાની આપણી જવાબદારી"**


GUJARAT NEWSLINE
IN ASSOCIATION WITH
REALBIZ Realty Inc. BROKERAGE Independently Owned and Operated
BUILDERS PLATINUM BROKER 2016-2025
MAINESH PATEL
BROKER OF RECORD
416-735-7808
realtormainesh@gmail.com
realbizrealty.com
realbizrealty.com/maineshpatel
LALIT SONI
ORGANIZER
PROUDLY PRESENTS
A live musical concert
Dil Mein Ho Tum
(Hits of Bappi Lahiri - Disco King)
MC - SRIJEET
HEMNISH
Instrument Performer
SUNIEL
DISHA
JAY
TICKETS
REGULAR $20
VIP $30
VVIP $50
(GROUP DISCOUNTS AVAILABLE)
CASH FOOD STALLS AVAILABLE
DATE : SATURDAY, MAY 09, 2026 @ 7.00 PM ONWARDS...
VENUE : Don Bosco Secondary School Auditorium (Dante Alighieri)
2, St. Andrews Blvd., Etobicoke, ON, M9R 1V8 (Major Intersection : Islington / Hwy 401)
FOR SPONSORSHIPS & TICKETS CALL :
LALIT SONI 647 400 6248
ANJALI 905 239 6506
TICKETS ALSO AVAILABLE ON
Sulekha eventbrite allevents


તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે.
બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા....
ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.
IATA
Best Voyage Pvt. Ltd.
CELEBRATING 25th ANNIVERSARY
scan me
અમારા તમામ પેકેજો જાણવા માટે અહીંયા સ્કેન કરો
ગુજરાત ની પ્રતિષ્ઠિત અને સફળ ટ્રાવેલ કંપની, આપના માટે લઈ ને આવી રહ્યું છે....
Winter 2025 -26
PACKAGE
ઓસ્ટ્રેલિયા વિથ ન્યુઝીલેન્ડ 17 રાત્રિ - 18 દિવસ 21 જાન્યુઆરી, 17 ફેબ્રુઆરી, 11 માર્ચ
ઓસ્ટ્રેલિયા 11 રાત્રિ - 12 દિવસ 20 જાન્યુઆરી 6 ,16 ફેબ્રુઆરી, 17 માર્ચ
ન્યુઝીલેન્ડ 11 રાત્રિ - 12 દિવસ 19 જાન્યુઆરી 15 ફેબ્રુઆરી, 06 માર્ચ
સિંગાપોર મલેશીયા & ક્રુઝ 08 રાત્રિ - 09 દિવસ 29 જાન્યુઆરી, 03 માર્ચ
સિંગાપોર મલેશીયા & ક્રુઝ 09 રાત્રિ - 10 દિવસ 19 ફેબ્રુઆરી
સાઉથ આફ્રિકા 10 રાત્રિ - 11 દિવસ 18,જાન્યુઆરી 20 ફેબ્રુઆરી 22 માર્ચ
અઝરબૈજાન 06 રાત્રિ - 07 દિવસ 15 ડિસેમ્બર, 21 જાન્યુઆરી 10 ફેબ્રુઆરી, 05 માર્ચ
વિયેતનામ વિથ ફુકોક 09 રાત્રિ - 10 દિવસ 20 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 03 માર્ચ
વરસેટાઇલ વિયેતનામ 08 રાત્રિ - 09 દિવસ 20 ફેબ્રુઆરી 02 માર્ચ
શ્રીલંકા 07 રાત્રિ - 08 દિવસ 14 ડિસેમ્બર, 05 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 05 માર્ચ
બાલી 06 રાત્રિ - 07 દિવસ 12 ડિસેમ્બર 04 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી 05 માર્ચ
આઈસલેન્ડ 09 રાત્રિ - 10 દિવસ 01 માર્ચ
Summer 2026
PACKAGE
ચેરી બ્લોસમ જાપાન 09 રાત્રિ - 10 દિવસ 22, 27, 30 માર્ચ
જાપાન વિથ અલ્પાઈન રુટ 10 રાત્રિ - 11 દિવસ 19,29 મે 10,22 જૂન
સાઉથ આફ્રિકા 10 રાત્રિ - 11 દિવસ 10 ,16 મે | 11 રાત્રિ - 12 દિવસ 26 એપ્રિલ 03, 07, 31 મે | 13 રાત્રિ - 14 દિવસ 14, 28 મે
ઓસ્ટ્રેલિયા 11 રાત્રિ - 12 દિવસ 04 એપ્રિલ 02 ,15,28 મે
ન્યુઝીલેન્ડ 12 રાત્રિ - 13 દિવસ 01 એપ્રિલ 03, 07, 22 મે
વેસ્ટ & ઈસ્ટ અમેરિકા 12 રાત્રિ 13 દિવસ 22 એપ્રિલ 06,20 મે 03,17 જૂન 01,22 જુલાઈ 19 ઓગસ્ટ 16 સપ્ટેમ્બર, 09 નવેમ્બર
અમેરિકન વંડર 19 રાત્રિ - 20 દિવસ 30 એપ્રિલ 21 મે 11 જૂન 02 જુલાઈ, 13 ઓગસ્ટ
અમેરિકન ડિસ્કવરી 23 રાત્રિ - 24 દિવસ 05,26 મે 16 જૂન 07 જુલાઈ, 04 ઓગસ્ટ
અમેઝિંગ અમેરિકા 15 રાત્રિ - 16 દિવસ 06, 27 મે 10 જૂન 01 જુલાઈ
કેનેડિયન રોકીસ 09 રાત્રિ - 10 દિવસ 14,21,28 મે 05,11,25 જૂન 09 જુલાઈ, 13 ઓગસ્ટ
બાલી 06 રાત્રિ - 07 દિવસ 24, 30 એપ્રિલ 08, 14 મે 18 જૂન
યુરોપ યાત્રા 18 રાત્રિ - 19 દિવસ 09,28 મે 15 જૂન 13 ઓગસ્ટ
યુનિક યુરોપ 15 રાત્રિ - 16 દિવસ 26 મે 15 જૂન 13 જુલાઈ
યુરોપીઅન ડ્રીમ્સ 12 રાત્રિ - 13 દિવસ 03,08,17, 25 મે 06 જૂન 14 જુલાઈ, 11 ઓગસ્ટ
સિનિક સ્કેન્ડીનેવીયા 12 રાત્રિ - 13 દિવસ 28 મે 11 જૂન 26 સપ્ટેમ્બર
યુકે વિથ આયર્લેન્ડ 10 રાત્રિ - 11 દિવસ 14 મે 15 જુલાઈ
પેનોરમિક યુરોપ 09 રાત્રિ - 10 દિવસ 21 મે 21 જૂન
ડિસ્કવર ઓસ્ટ્રેલિયા 12 રાત્રિ - 13 દિવસ 30 એપ્રિલ
યુરોપ તથા અન્ય અન્ય ટુરની માહિતી જાણવા માટે સંપર્ક કરો +91 99989 77746 / +91 95864 11313
હેડ ઓફિસ એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ, સી.જી. રોડ અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત
બ્રાંચ ઓફિસ નિકોલ ( અમદાવાદ ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ જામનગર - ગાંધીનગર - કલોલ

# શ્રીમદ વલ્લભાચાર્યજીની ૮૪ બેઠક



સંકલન
વૈષ્ણવ શ્રી ભદ્રેશભાઈ શાહ
ગોધરા ગુજરાત

## બેઠક (૭)મી- કમોદવન(કુમુદ વન)ની બેઠક નું ચરિત્ર




મધુવનથી આપ તાલવન પધાર્યા ત્યાં કોઈ ભગવત સ્વરુપ ન હતું, માટે ત્યાંથી પારાયણ ના કરી. પણ કારિકા કરી ત્યાંથી આગળ કમોદ વનની બેઠક છે ત્યાં કુંડ ઉપર શ્યામ તમલાની નીચે ત્રણ દિવસ બિરાજ્યા, પારાયણ કર્યું ત્યાં કૃષ્ણદાસ મેઘને પૂછ્યું કે મહારાજ આ વનનું નામ કમોદ વન શા માટે પડયું ? ત્યારે આપે આજ્ઞા કરી કે સામવેદમાં એક કથામાં વ્રજનું મહાત્મ કહ્યું છે કે એક સમયે શ્રી ઠાકોરજી અને શ્રી સ્વામિનીજી આ વનમાં પાધાર્યા, શરદ-ચાંદની ખીલી રહી હતી ત્યારે સ્વામિનીજીએ કહ્યું કે અહીં કુમુદ કુમુદિની વન થાય તો ઠીક ત્યારે શ્રી ઠાકુરજીએ કુમુદ કુમુદિની લઈ સખીને આજ્ઞા કરી તેથી આ વનનું નામ કમોદવન પડયું ત્યારે વૈષ્ણવોએ વિનંતી કરી કે મહારાજ આપને સંગે આ દર્શન ન થાય તો ક્યારે થાય ત્યારે આપ ગીતાજીનો શ્લોક બોલ્યા “દિવ્ય દદમી તે ચક્ષુ પશ્ય મે યોગ મૈશ્વરમ” તુરંત વૈષ્ણવોને દિવ્ય ચક્ષુથી જોવા લાગ્યા તો કમોદ કમોદીની સહિત જળ સ્નાનની લીલા મહેલનાં દર્શન કરાવ્યા, બહુભાવથી વૈષ્ણવોને દેહનુંસંધાન રહ્યું નહીં તેથી બહુલા વન પધાર્યા, શ્રી મહાપ્રભુજીની કમોદ વનની બેઠક ચરિત્ર સમાપ્ત.

## બેઠક (૮)મી - શ્રી બહુલાવનની બેઠક ચરિત્ર




બહુલા વનમાં કૃષ્ણ કુંડ ઉપર ઊતર દિશાએ વડની નીચે શ્રી મહાપ્રભુજી બિરાજ્યા, અને પારાયણ કરી ત્યારે ત્યાં ના બ્રાહ્મણો એ વિનંતી કરી કે મહારાજ અહીં નો હાકીમ યવન છે તે બહુલા ગાય ની પૂજા કરવા દેતો નથી કહે છે કે અમારી સામે આ ગાય દાણો ઘાસ ખાય તો પૂજા કરો પછી શ્રી આચાર્યજી એ હકીમને બોલાવ્યો અને તેના દેખતા ગાયની મૂર્તિ ઘાસ ખાવા લાગી તેને આશ્ચર્ય થયું અને દંડવત કહ્યું મહારાજ મને આપનો સેવક કરો ત્યારે આપે આજ્ઞા કરી કે તમે ગાય ની પૂજા કરવા ની બાંધી કરી તેથી તારો અંગીકાર બીજા જન્મમાં થશે. હકીમેં ગાય ની પૂજાની છૂટી કરી અને દેહ છૂટ્યો ત્યારે હોડીવાળા ને ત્યાં જન્મ લીધો તેનું નામ મેહ ઢીમર તેની વાત શ્રી ગુંસાઈજી નાં સેવકમાં લખી છે ત્યાં થી આગળ ટોસ ગામ માં થઈ જિખીન ગામમાં શ્રી બળદેવજી ના દર્શન કર્યા, સૃન્ગાર કર્યા, અને એક રાત્રી બિરાજ્યા અને દમલા ને કહ્યું કે આ શ્રી બળદેવજી પ્રાચીન છે એણે શંખચૂડ ને માર્યા છે તેથી આ ગામ નું નામ જખીન ગામ છે. બીજે દિવસે મુખરાઈ થઈ શ્રી કૂંઠ પધાર્યા, ઈતિ શ્રી બહુલા વનની બેઠક ચરિત્ર સમાપ્ત.

contact: place: વાથીગામ - district: મથુરા(ઉ.પ્ર)
contact person: શ્રી મધુસુદન મુખ્યાજી
mo: 09867626969

# કમોદવનની દિવ્ય લીલાઓ અને બહુલાવનમાં પ્રગટ થયેલા ચમત્કારિક પ્રસંગોનું પવિત્ર વર્ણન